**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૫૩ ટકા

# શહેરમાં ઠંડીમાં આંશિક રાહત

## પવનની દિશા બદલાતા એક જ દિવસમાં પારો ત્રણ ડિગ્રી જેટલો ઉંચકાયો : લઘુત્તમ તાપમાન ૧૪ ડિ.સે.

ગાંધીનગર, તા.૬

બે ત્રણ દિવસ આકરી ઠંડી પડયા બાદ સોમવારે ઠંડીથી ખુબ રાહત મળી હતી. ઠંડા પવનો બંધ થતાં એક જ દિવસમાં પારો ત્રણ ડિગ્રી જેટલો ઉંચકાયો છે. લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી જેટલું રહેતા ઠંડીથી રાહત મળી છે.

છેલ્લા એક અઠવાડિયાથી વસાહતીઓ ઠંડીમાં પરેશાન થઈ ગયા હતા. ઠંડા પવનોએ તો તોબા પોકારાવી દીધી હતી. ઠંડા પવનોના કારણે ઘરની બહાર નીકળવું દુષ્કર બની ગયું હતું. સાંજ પડતાં જ સુસવાટા મારતા પવનો જાણે શહેરનો કબ્જો લઈ લેતા હોય તેમ આખું શહેર સુમસામ બની જાય છે. લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી જેટલું નીચું રહેતા વસાહતીઓ રીતસર ઠંડીમાં ઠુંઠવાયા હતા. દિવસે પણ ઠંડા પવનોનો કહેર જારી રહેતા ગરમ વસ્ત્રોમાં લપેટાઈને સૌએ ફરવું પડયું હતું.

જો કે ગઈકાલ સાંજથી વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. પવનની ગતિ સાવ ઓછી થઈ ગઈ છે. પવનની દિશા બદલાતા ઠંડીથી રાહત મળી છે. વળી આજે તો આકાશ એકદમ ચોખ્ખું રહેતા સુર્યના તડકાના કારણે વાતાવરણ હુંફાળું રહ્યું હતું. દિવસે પવનો બંધ રહેતા અને તડકો રહેતા મહત્તમ તાપમાન ૨૯ ડિ.સે. રહ્યું હતું જયારે લઘુત્તમ તમાપનમાં ખાસ્સો વધારો થયો હતો. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી નોંધાયું હતું. જે એક જ દિવસમાં ત્રણ ડિગ્રી જેટલું ઉંચકાયું હતું. પારો ઉંચકાતા લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી નોંધાયું હતું. સમગ્ર ગુજરાતમાં ઠંડી ઘટી હતી. માત્ર એક નલીયા સિવાય તમામ શહેરોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીથી વધુ રહ્યું હતું. નલીયાના તાપમાનનો પારો ૮.૫ ડિ.સે. રહ્યો હતો જયારે ડીસામાં લઘુત્તમ તાપમાન ૧૦.૮ રહ્યું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છના અન્ય વિસ્તારોમાં પણ ઠંડીથી રાહત મળી હતી.

## નીલગાયની હડફેટે સે-૨૭ના આધેડ બાઈકચાલકનું કરૂણ મૃત્યુ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં તાજેતરમાં જ નીલગાયના ત્રાસને પગલે વિવિધ સેકટરમાંથી તાર ફેન્સિંગ કે પ્રોટેકશન વૉલ કરવાની માંગ ઉઠવા પામી છે. શહેરમાં નીલગાયની વધતી જતી વસ્તી અને માર્ગો પરની અવરજવર વાહનચાલકો માટે જોખમી સાબિત થઈ રહી છે. ગઈ કાલે વાસણા હડમતીયા પાસો નીલગાય સાથે ટકકર થવાથી એક આધેડ વ્યકિતનું મૃત્યુ નીપજવા પામ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર વાસણા હડમતીયા પાસેથી રવિવારે મોડી સાંજે પસાર થઈ રહેલા સેકટર-૨૭માં પ્લોટ નં. ૮૬૦ ખાતે રહેતા આધેડ પ્રવિણભાઈ રામભાઈ પટેલને નીલગાયે હડફેટે લેતા ગંભીર ઈજાઓ થવા પામી હતી જેમનું આજે સવારે કરૂણ મોત નિપજવા પામ્યું છે. સરગાસણ ચોકડી ખાતે ખાનગી બિલ્ડરને ત્યાં નોકરી કરતા પ્રવિણભાઈ પટેલ જયારે સાંજે પોતાનું બાઈક નં. જીજે ૧૮ સીસી ૬૩૬૩ લઈને નોકરીથી પરત ઘરે જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં નીલગાય આવી જતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં પ્રવિણભાઈને ચહેરા પર અને માથાના ભાગે ગંભીર ઈજા થતા ઘટના સ્થળે એકત્રિત થયેલા નાગરિકોએ નજીકની ખાનગી હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર અર્થે લઈ ગયા હતા. આજે સવારે પ્રવિણભાઈનું સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નીપજયું હતું. જેના પગલે તેમના પરિવાર સહિત સેકટર-૨૭માં ઘેરા શોકની લાગણી ફેલાવા પામી હતી. પ્રવિણભાઈ મૂળ મહેસાણા જિલ્લાના મણિયારી ગામના વતની હતી.

## પેપરલીક કૌભાંડના ૬ આરોપીઓના જામીન આજે કોર્ટે નામંજૂર કર્યા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર પોલીસો બિનસચિવાલય પેપરલીક કૌભાંડમાં ઝડપેલા છ આરોપીઓના જામીન આજે કોર્ટે નામંજૂર કર્યા છે. ગાંધીનગર ખાતે જયુડિશિયલ કસ્ટડીમાં રહેલા આરોપીઓ મહંમદ ફારૂક અબ્દુલ વહાબ કુરેશી, વિજેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ વાઘેલા, ફકરૂદ્દિન હૈદરભાઈ ઘડીયારી, રામભાઈ નરેશભાઈ ગઢવી, લખવિંદરસિંઘ ગુરૂનામસિંઘ સીધુ, દિપક પીરાભાઈ ઉર્ફે પરેશભાઈ જોષીએ ગાંધીનગર ચીફ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. આ અરજીની તરફેણમાં એવી દલીલ કરવામાં આવી હતી કે આરોપીઓ ને ૪૦૯ની કલમ લાગતી નથી અને તેમની સામે કોઈ પુરતો પુરાવો નથી, માત્ર શંકાના આધારે તેમની ધરપકડ કરવામાં આવી છે.

આ સાથે એવી દલીલ પણ કરવામાં આવી હતી કે ફરિયાદમાં તેમનું નામ નથી, કોઈ, કોઈ સરકારી કર્મચારીના નાણાં લીધા નથી કે ઉચાપત કરી નથી તેથી ગુનો બનતો નથી તેથી તેમને જામીન મળવા જોઈએ. જો કે પોલીસ તરફે સરકારી વકીલ વિમલ કાંટાવાલાએ દલીલ કરી હતી કે આ કેસમાં કલમ ૪૦૯ લાગે છે અને આરોપીઓ વિરૂધ્ધ પુરાવા પણ પોલીસે એકઠા કર્યા છે જે મુજબ આ સમાજવિરોધી ગંભીર ગુનો બને છે અને આ પ્રકારના ગુના વધી રહ્યા છે. કોર્ટે બંને પક્ષોની દલીલ સાંભળ્યા પછી અંતે તમામ આરોપીઓના જામીન નામંજૂર કર્યા હતા.

## સે-૫ ખાતે વૃક્ષની ડાળીમાં ફસાયેલા કબૂતરને ફાયર ટીમે બચાવ્યું

ઉતરાયણ પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે પક્ષી પ્રેમીઓ દ્વારા પતંગ રસિયાઓને સવાર-સાંજ પતંગ નહી ચગાવવા માટે અપીલ કરવામાં આવે છે. કારણ કે પતંગની કાતિલ દોરી પક્ષીઓ માટે જીવલેણ સાબિત થાય છે. ત્યારે આજે શહેરના સેકટર-૫ ખાતે વૃક્ષની ઉંચી ડાળી પર પતંગની દોરીમાં કબુતરના પગમાં ફસાઈ ગઈ હતી. જેને પગલે કબુતર આકાશમાં ઉંડી શકતુ ન હતું અને ઉડવા માટે મથામણ કરતું હતું. તેવા સમયે એક પક્ષી પ્રેમીની નજર કબુતર પડતા તેણે તાત્કાલીક કબુતરનો જીવ બચાવવા માટે ફાયરની ટીમને જાણ કરી હતી. જેને પગલે તાત્કાલીક ફાયરની ટીમ સેકટર-૫ ખાતે પહોચી ગઈ હતી. ફાયરના જવાનોએ ઝાડ પર ચડીને કબુતરના પગમાં ફસાયેલી દોરી નીકાળી હતી. કબુતરને ઈજા પહોંચતા પ્રાથમિક સારવાર આપી ફાયરના જવાનોએ કબુતરને મુકત કર્યું હતું.



સેકટર-૭ની ઈન્કવાયરીની પાછળના ભાગે છેલ્લા કેટલાક વર્ષોથી દુકાનો બનાવાઈ રહી છે. જો કે આ કામ કોઈ કારણસર બંધ પડી ગયું છે. ઘણા વર્ષોથી અધુરી દુકાનો હોવાથી આ સ્થળ અવાવરુ બની ગયું છે અને ઝાંડી ઝાંખરા ઉગી નીકળ્યા છે.

## વિદ્યાર્થીઓને ઠંડીથી રક્ષણ માટે સ્વેટર વિતરણ



ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ અને સાયબેજ આશા ટ્રસ્ટ દ્વારા સાયબેજના સીએસઆર અંતર્ગત ૪ જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ સરકારી પ્રાથમિક શાળા નં. ૦૧, સેક્ટર-૨૪, ગાંધીનગર ખાતે કડકાડતી ઠંડીથી રક્ષણ માટે અને તેમનું શિક્ષણ કાર્યમાં રજાના પડે તે ઉદ્દેશયથી શાળાના ૨૭૯ વંચિત વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર રીટાબેન પટેલ,વોર્ડના મ્યુનિસિપલ કાઉન્સેલર ધીરુભાઈ ડોડીયા, અંકિત બારોટ, નીલાબેન શુકલ, સાયબેજના ડિલિવરી હેડ પ્રણવ જોશી, ઉદગમ ટ્રસ્ટના મેનેજીગ ટ્રસ્ટી ડો.મયુર જોશી, ટ્રસ્ટી ધ્રુવભાઈ જોશી, ઉદગમ વિમેન્સ વિંગના મેન્ટર આશાબેન સરવૈયા, સમાજસેવી સંજયભાઈ થોરાટ, મનોજ જોશી તથા અન્ય સ્કૂલના સ્વેટર વિતરણના દાતા દીપા નારાયણન અને સાયબેજના ૨૪ ઉત્સાહી સ્વયંસેવકોના હસ્તે બાળકોને સ્વેટર આપવામાં આવ્યા હતા. મેયર રીટાબેન દ્વારા સંસ્થાના કામને બિરદાવવામાં આવ્યુ હતું.

આ પૂર્વે ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરની સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૩૦ના ૧૪૫ વિદ્યાર્થીઓને પણ સ્વેટર વિતરણ કરવામાં આવ્યું હતું . સમગ્ર કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન ઉદગમ ટ્રસ્ટના મેનેજીગ ટ્રસ્ટી ડો.મયુર જોશી અને આભાર દર્શન શાળાના આચાર્ય વિપુલભાઈ બારોટ દ્વારા કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઉદગમના સંજયભાઈ પ્રજાપતિ અને અંજલીબેન ચૌહાણ દ્વારા ખુબ જહેમત ઉઠાવવામાં આવી હતી.

## શહેરમાં ગેલ્વેનાઈઝ પતરામાંથી ચબૂતરા બનાવતો પરિવાર સ્થાયી





ગાંધીનગર, તા.૬

ચકલાને ચણ નાંખવું એ ભારતીય સંસ્કૃતિમાં પુણ્યનું કાર્ય માનવામાં આવેછે. આમ પહેલા દરેક પોતાના ઘરની બહાર ચોળા કે ઘઉંના દાણા કે બાજરી નાંખતા જેથી પક્ષીઓને પોતાનો ખોરાક મળી રહે. પરંતુ દરેક પક્ષીઓને એક સાથે એક જ જગ્યાએ ખોરાક મળી રહે તે વિચારથી 'ચબૂતરા'ની શોધ થઈ હશે તેમ માની શકાય. ચબૂતરો દરેક ઘર-આંગણાની બહાર કે ગામના પ્રાંગણમાં રાખી શકાય જેથી પક્ષીઓ સરળતાથી ચણને શોધી શકે. શહેરમાં રાજસ્થાનના શિરોઈ ગામમાંથી ગેલ્વેનાઈઝ પતરામાંથી ચબૂતરા બનાવતો પરિવાર સ્થાયી થયો છે જેમનો પરંપરાગત વેપાર જ આ છે. શહેરમાં તેઓ ગ-૨, સે-૨૪, સે-૨૨ કે વાવોલ પાસે કોઈ એક સ્થાને બેસીને વેચાણ કરી રહ્યા છે.

ગાંધીનગરમાં રાજસ્થાનના શિરોઈ ગામથી આવીને એક પરિવાર વાવોલ ખાતે વસ્યો છે જેમના કહ્યા મુજબ તેઓ મહારાણા પ્રતાપના સૈનિકોના વંશજ ગાડલીયા લુહાર છે. તેમનો આ પરંપરાગત ધંધો છે જે બાપ-દાદાઓથી ચાલ્યો આવે છે. સવારામ લવાર જે અહીં તેમના ભાઈ અને પરિવાર સાથે ગાંધીનગર આવ્યા છે તેમના કહ્યા મુજબ તેઓ છેલ્લા ૧૫ વર્ષથી આ કાર્ય સાથે જોડાયેલા છે. એકથી ૫ ફૂટના ગેલ્વેનાઈઝ પતરાના ચબૂતરા તેઓ બનાવે છે જે ૫૦૦ રૂપિયાથી લઈ ૫૫૦૦ સુધી વેચાય છે. આ ઉપરાંત તેઓ ગેલ્વેનાઈઝ પતરાના ચૂલા, પીપડા, સુપડી પણ બનાવે છે. હાલ તેઓ ગ-૩,સે-૨૨, સે-૨૪ કે વાવોલમાંથી કોઈ એક જગ્યાએ બેસીને ચબૂતરા બનાવી વેચાણ કરી રહ્યા છે.

**@ગાંધીનગર**

● ગોસ્વામી સંજય ભારતીની વ્યાસપીઠે કોલવડા સ્થિત નિલકંઠ મહાદેવ ખાતે ૧.૩૦ થી ૫ વાગ્યા દરમિયાન શિવકથા યોજાશે.

● જલારામ મહિલા મંડળ દ્વારા બપોરે ૨ થી ૫.૩૦ દરમિયાન ગ-૪ પાસે સ્વર્ણિમ પાર્ક ખાતે ડબ્બા ઉજાણીનું આયોજન.

### કોલવડા શિવકથામાં દિકરીઓને નવ દુર્ગા બનાવાશે

ગાંધીનગર, તા.૬

નિલંકઠ મહાદેવ મંદિરમાં ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે ચાલી રહેલ શિવકથાના ત્રીજા દિવસે ભવ્ય માતાજી પ્રાગટય મહોત્સવ ઉજવવામાં આવશે તથા ગામની નવ દિકરીઓને નવ દુર્ગા બનાવી માતાજીના પારણા પુજન કરવામાં આવશે.



જયોતિ મહિલા મંડળ અને રાધા ક્રિષ્ન મંડળ સે-૫-એ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉત્તરાયણ નિમિત્તે કુતરાઓ માટે લાડુ બનાવવામાં આવ્યા હતા.



ભારતીય નૃત્યોમાં ભરતનાટયમની વિવિધ કૃતિઓ માટે તાલીમ લેવામાં આવે છે ત્યારબાદ આરંગેત્રમ્ કરાય છે. શહેરની બે બાળાઓ આશના પ્રિયેશ શિવા અને આહના પ્રિયેશ શિવાએ તાલીમ બાદ આરંગેત્રમ્ પ્રસ્તુત કરી પદવી પ્રાપ્ત કરી છે.

## સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશાન યુનિવર્સિટી ખાતે 'ડેટા સ્ટ્રક્ચર' પર વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા.૬

આજના વૈશ્વિક અત્યાધુનિક ટેકનોલોજીના સમયમાં, જયારે શૈક્ષણિક સંસ્થાઓ, તમામ ઈન્ડસ્ટ્રી અને કોર્પોરેટ, સરકારી અને બિન સરકારી કચેરીઓના સંપૂર્ણ વ્યવહારો તથા નાણાકીય લેવડ દેવડ, સોશિયલ મીડિયા, બિઝનેસ વિગેરે મોટા ભાગે ડિઝીટલાઈઝેશન તરફ વળી રહ્યા છે ત્યારે અસંખ્ય અને વિપુલ પ્રમાણમાં ડેટા (માહિતી) ની લેવડ દેવડ અને તેના જથ્થામાં વધારો થઈ રહ્યો છે, તેને યોગ્ય રીતે મેનેજ કરવું અને જાળવવું સમર્ગ વિશ્વ માટે ખુબ જ મુશ્કેલ બન્યું છે.

આજે ડેટા એ કોઈ પણ સંસ્થા માટે એક અવિભાજય અંગ ગણાય છે. બિઝનેસ કે વ્યક્તિગત કારકિર્દીના વિકાસ માટે યોગ્ય ડેટાનો સંગ્રહ હોવો ખુબ જ જરૂરી છે. મલ્ટીનેશનલ કંપનીઓ જેમ કે ગૂગલ, ફેસબૂક, એમેઝોન, ફ્લિપકાર્ટ, વોટ્સ અપ વિગેરે ડેટાબેઝ પર સંપૂર્ણ નિર્ભર અને કાર્યરત છે.

વિદ્યાર્થીઓને આ બાબતે જાગૃત તેમ જ ટેકનિકલ જાણકારી અને તાલીમ આપવા માટે સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા કોમ્પ્યુટર અને આઈટી બ્રાન્ચ માટે તા. ૬ અને ૭ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ બે દિવસીય 'ડેટા સ્ટ્રક્ચર' વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્કશોપમાં ૫૦ થી વધુ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો. ટેક્નિકલ નિષ્ણાત અને મુખ્ય વક્તા તરીકે અખિલેશ દીપ આર્યા ઉપસ્થિત રહ્યા હતા, જેઓ આઈબીએમ (IBM) સર્ટિફાઈડ ટ્રેનર છે અને ૮ થી વધુ વર્ષોનો ટેક્નિકલ ટ્રેનિંગની સાથે સોફ્ટવેર ડેવલપમેન્ટનો અનુભવ ધરાવે છે.

તેઓએ વિદ્યાર્થીઓને ડેટાને એકબીજા સાથે કેવી રીતે સાંકળી શકાય તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ પ્રોગ્રામિંગ પણ કરાવ્યું હતું. એક્સપર્ટ દ્વારા લિંકલિસ્ટ, સ્ટેક, ક્યુ, ટ્રી વિગેરે પદ્ધતિ દ્વારા ડેટા કેવી રીતે ઓર્ગેનાઈઝ કરી શકાય તે અંગે પ્રેક્ટિકલ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**સબ કુશલ મંગલ**
૧૦.૦૫, ૧.૦૦, ૩.૫૦, ૧૦.૧૫
**ગુડ ન્યુઝ**
૧૦.૪૫, ૧.૪૦, ૨.૪૦, ૪.૩૫, ૭.૩૦, ૧૦.૨૫
**દબંગ-૩**
૧૧.૨૦, ૨.૧૦, ૫.૪૦, ૯.૦૦
**જુમાનજી ધ નેક્સ્ટ લેવલ** (૩-ડી હિન્દી)
૯.૩૦, ૫.૩૫, ૧૦.૩૫
**મર્દાની-૨** - ૮.૧૫
**પતિ પત્નિ ઔર વો**
૨.૫૦
**હેલ્લારો** - ૧૨.૧૦
**જી (ગુજરાતી)**
૭.૪૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**સબ કુશલ મંગલ**
૧૦.૩૫, ૪.૨૦, ૭.૨૦, ૧૦.૦૫
**ભંગરા પાલે**
૧૦.૨૫, ૧.૩૦, ૭.૧૫, ૧૦.૧૫
**જી (ગુજરાતી)**
૪.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૨.૦૫, ૭.૨૦
**ગુડ ન્યુઝ**
૯.૦૫, ૯.૫૫, ૧૦.૫૫, ૧૨.૪૦, ૧.૪૦, ૩.૩૫, ૪.૩૫, ૬.૩૦, ૭.૩૦, ૯.૨૫, ૧૦.૨૫
**દબંગ-૩**
૧.૧૫, ૧૦.૧૦
**જુમાનજી-૨** - ૪.૪૦
**મર્દાની - ૨** - ૧૧.૫૦

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**ગુડ ન્યુઝ**
૯.૦૦, ૧૦.૩૦, ૧૨.૦૦, ૧.૩૦, ૩.૦૦, ૪.૩૦, ૬.૦૦, ૭.૩૦, ૯.૦૦, ૧૦.૩૦
**ભંગરા પાલે**
૧૦.૩૦, ૧.૧૫, ૪.૩૦, ૧૦.૩૦
**સબ કુશલ મંગલ**
૧.૩૦, ૪.૧૫, ૭.૩૦, ૧૦.૧૫
**જી (ગુજરાતી)**
૭.૧૫

**સિટી પલ્સ, કુડાસણ**

**ગુડ ન્યુઝ**
૧૨.૩૦, ૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
**શિમલા મિર્ચ**
૧૧.૪૫, ૪.૪૫, ૯.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧૧.૦૦
**દબંગ-૩** - ૪.૦૦, ૯.૩૦
**મર્દાની-૨** - ૧.૪૫, ૭.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૧.૦૦, ૬.૪૫
**સબ કુશલ મંગલ**
૩.૪૫, ૯.૪૫

### લિંબચ માતાજી મંદિર સે-૧૩ ખાતે યોગ તાલીમ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૬

દિવ્ય જીવન સંઘ, ગાંધીનગર શાખા દ્વારા તા. ૮ જાન્યુઆરીથી તા. ૧૪ જાન્યુઆરી સુધી સવારે ૬ થી ૭.૧૫ દરમિયાન સે-૧૩ સ્થિત લિંબચ માતાજી મંદિર ખાતે યોગ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરનું સંચાલન ઋષિકેશ શિવાનંદ આશ્રમના યોગાચાર્ય સ્વામી ધર્મનિષ્ઠાનંદ મહારાજ દ્વારા કરવામાં આવશે. શિબિરમાં ભાગ લેવા માટે શાખા કાર્યાલય પ્લોટ નં. ૧૬૬૦/૧, સે-૨-ડી ગાંધીનગર ૯૪૦૮૬૫૪૧૫૧નો સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

● સ્વ. સુથાર રમણલાલ મુલચંદદાસ, ઉ.વ. ૭૫
● સ્વ. નવુબેન કેશાજી બિહોલા, ઉ.વ. ૯૫
● સ્વ. છગનભાઈ રણછોડભાઈ ખંભાયતા, ઉ.વ. ૭૬
● સ્વ. પ્રજાપતિ હંસાબેન ભરતભાઈ, ઉ.વ. ૪૬
● સ્વ. પટેલ પ્રવિણકુમાર રામભાઈ, ઉ.વ. ૫૦